# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-06-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

***************************************************

1) ઓરિસ્સાના પુરીમાં ભગવાન જગન્નાથની રથયાત્રાનો પ્રારંભ થયો – અમદાવાદમાં પણ ભગવાન જગન્નાથની રથયાત્રાનો પ્રારંભ થયો

2) **ઓપરેશન સિંધુ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ચાર હજાર ભારતીય 415 નાગરિકોને ઈરાનમાંથી બહાર કાઢવામાં આવ્યા**

3) **અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ભારત સાથે ટૂંક સમયમાં એક મોટા વેપાર સમજૂતી કરાર પર હસ્તાક્ષર થશે**

4) **વિશ્વ પોલીસ અને ફાયર ગેમ્સ 2029 ની યજમાની ભારતને મળી– ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર અને એકતાનગર ખાતે યોજાશે**

***************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# REV. PURI RATH YATRA

પુરીમાં રથ ઉત્સવ તરીકે ઓળખાતા સૌથી પ્રતિષ્ઠિત અને સૌથી મોટી વાર્ષિક રથયાત્રાનો આરંભ થશે. દેશ અને દુનિયામાં લાંબા સમયથી રાહ જોવાતા હિન્દુ તહેવારોમાંનો એક છે. જૂન-જુલાઈમાં ઉજવાતો આ પ્રખ્યાત તહેવાર ત્યારે શરૂ થાય છે જ્યારે ભગવાન જગન્નાથ અને તેમના મોટા ભાઈ ભગવાન બલભદ્ર અને નાની બહેન દેવી સુભદ્રા રથમાં સવાર થઈ ભક્તોને દર્શન આપવા અને તેમના જન્મસ્થળ, ગુંડિચા મંદિરની મુલાકાત લેવા માટે જાય છે. માન્યતા પ્રમાણે ભગવાન ગુંડિચા મંદિરમાં નવ દિવસનો રોકાણ કરે છે. ત્રણ ભવ્ય રથ તૈયાર છે અને જગન્નાથ મંદિરના સિંહ દ્વારની સામે પાર્ક કરવામાં આવ્યા છે. હાલમાં, મંદિરની અંદર ભગવાનની ધાર્મિક વિધિઓ ચાલી રહી છે. ભગવાન  જાહેર જનતા સમક્ષ આવશે, તેથી આ દિવસ અસાધારણ છે, જે ભક્તોને આકર્ષિત કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AHMEDABAD RATHYATRA

આજે અષાઢી બીજના પવિત્ર દિવસે અમદાવાદમાં ભારે ઉલ્લાસ અને શ્રધ્ધાપૂર્વક ભગવાન જગન્નાથજીની 148મી રથયાત્રા નીકળી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે સવારે જગન્નાથ મંદિર ખાતે મંગળા આરતી કરી હતી. આ પ્રસંગે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી, સહકારી રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા સહિતના નેતાઓ હાજર રહ્યા હતા.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જગન્નાથ મંદિર ખાતે પહિંદ વિધી કરાવ્યા બાદ ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઇ બલદેવજીનાં રથે પ્રસ્થાન કર્યું હતું.

આ અગાઉ ભગવાન જગન્નાથને પોલિસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. 16 કિલોમીટરની આ યાત્રાનાં દર્શન માટે શહેરીજનોમાં ભારે ઉલ્લાસ અને ઉમંગ જોવા મળી રહ્યો છે.

ગઇકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જગન્નાથ મંદિરમાં સંધ્યા આરતી કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MEA-OPERATION SINDHU

ઓપરેશન સિંધુ અંતર્ગત ઈરાનથી 173 ભારતીય નાગરિકોને લઈને એક ખાસ વિમાન ગઈકાલે મોડી રાત્રે આર્મેનિયાના યેરેવનથી નવી દિલ્હી પહોંચ્યું.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે 19 ખાસ વિમાન જેમાં ત્રણ ભારતીય વાયુસેનાના વિમાનનો સમાવેશ થાય છે તેના દ્વારા અત્યાર સુધીમાં કુલ ચાર હજાર 415 ભારતીય નાગરિકોને ઈરાનમાંથી બહાર કાઢવામાં આવ્યા છે.

શ્રી જયસ્વાલે વધુમાં જણાવ્યું હતું કે, ભારતીય નાગરિકો ઉપરાંત, 14 ઓવરસીઝ સિટીઝન ઓફ ઇન્ડિયા (OCI) કાર્ડધારકો, નવ નેપાળી નાગરિકો, ચાર શ્રીલંકાના નાગરિકોને પણ ઈરાનથી બહાર કાઢવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# V.SOMANNA - RAILWAYS -MoS

કેન્દ્રીય રેલ્વે અને જળ શક્તિ રાજ્યમંત્રી વી. સોમન્નાએ કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનથી રેલ્વે માળખાકીય સુવિધાનો વિકાસ થયો છે અને દેશના વિવિધ ભાગો વચ્ચે કનેક્ટિવિટીમાં વધારો થયો છે. ગઈકાલે ચેન્નાઈના પેરામ્બુર ખાતે ઈન્ટીગ્રેટેડ કોચ ફેક્ટરીના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી સોમન્નાએ કહ્યું કે મોદી સરકારની મેક-ઈન-ઈન્ડિયા પહેલથી નિર્માણ અને ઉત્પાદનને વેગ મળ્યો છે.

રેલ્વે ક્ષેત્રમાં સરકારની નોંધપાત્ર સિદ્ધિઓનો ઉલ્લેખ કરતા શ્રી સોમન્નાએ કહ્યું કે ઈન્ટીગ્રેટેડ કોચ ફેક્ટરીના ઈજનેરોની કાર્યક્ષમતાને કારણે આ સફળતા મળી છે. તેમણે કહ્યું કે કોચ ફેક્ટરી વાર્ષિક 50 ટ્રેનોનું ઉત્પાદન કરશે. ગયા વર્ષે ફેક્ટરીમાં ત્રણ હજાર 700 કોચનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું, આ વર્ષે ચાર હજાર 200 કોચનું ઉત્પાદન કરવાનું લક્ષ્ય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RAJNATH - CHINESE DEF. MINISTER

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે ચીનના સંરક્ષણમંત્રી એડમિરલ ડોંગ જુન સાથે કિંગદાઓમાં શાંઘાઈ સહકાર સંગઠનના સંરક્ષણ મંત્રીઓની બેઠક દરમિયાન અલગથી વાતચીત કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સિંહે કહ્યું કે તેઓએ પરસ્પર સંબંધો સંબંધિત મુદ્દાઓ પર રચનાત્મક વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. સંરક્ષણ મંત્રીએ લગભગ છ વર્ષ પછી કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ થવા અંગે ખુશી પણ વ્યક્ત કરી. તેમણે કહ્યું કે બંને પક્ષો માટે આ સકારાત્મક વાતાવરણ જાળવી રાખવું અને દ્વિપક્ષીય સંબંધોમાં ગૂંચવણો ટાળવી મહત્વપૂર્ણ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AADHAR AUTHENTICATION

સરકારે બેન્કિંગ કર્મચારી પસંદગી સંસ્થા IBPS ની પરીક્ષાઓમાં ઉમેદવારોના પ્રમાણીકરણ માટે આધાર પ્રમાણીકરણનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. નાણા મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગ દ્વારા જારી કરાયેલ એક સૂચનામાં કહેવામાં આવ્યું છે કે IBPS પરીક્ષાઓ અને ભરતી પ્રક્રિયાઓ દરમિયાન ઉમેદવારોની ઓળખ ચકાસવા માટે સ્વેચ્છાએ આધાર પ્રમાણીકરણનો ઉપયોગ કરી શકે છે.

નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે આ પહેલ પરીક્ષા દરમિયાન અન્યાયી પ્રથાઓને અટકાવશે અને ભરતી પ્રક્રિયામાં વિશ્વાસ મજબૂત કરશે. તે ઓળખ ચકાસણીને સરળ અને ઝડપી પણ બનાવશે, જેનાથી વહીવટી બોજ ઓછો થશે.

આ સૂચના ભારતીય વિશિષ્ટ ઓળખ સત્તામંડળ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયની મંજૂરીથી જારી કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

)ગોન્ગ મ્યુઝિક(

. . . . . . . . . . . . . .

# REV. TRUMP TRADE DEAL

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ભારત સાથે ટૂંક સમયમાં એક મોટો વેપાર સમજૂતી કરાર પર હસ્તાક્ષર થશે. ગઈકાલે એક કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું હતું કે ચીન સાથે કરાર થઈ ગયો છે, હવે ટૂંક સમયમાં ભારત સાથે એક મોટો કરાર થશે. જોકે, તેમણે ચીન સાથેના કરારની વિગતો આપી ન હતી. શ્રી ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે દરેક દેશ સાથે વેપાર કરાર થશે નહીં.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GUJARAT-WPFG

ભારત આગામી 2029 માં વિશ્વ પોલીસ અને ફાયર ગેમ્સની યજમાની માટે આપેલી બિડ મેળવી લીધી છે. જેથી ભારતમાં આએ ગેમ્સનું આયોજન કરાશે. અમેરિકાના બર્મિંગહામમાં WPFG ફેડરેશન સમક્ષ ભારતીય પ્રતિનિધિઓ દ્વારા મજબૂત રજૂઆત કરાયા બાદ આ જાહેરાત કરવામાં આવી હતી. આ સ્પર્ધા ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર અને એકતાનગરમાં યોજાશે.

દરમ્યાન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ સ્પર્ધાની યજમાની અંગે ગુજરાત માટે ગર્વની ક્ષણ ગણાવી હતી અને વૈશ્વિક રમતગમત સ્થળ તરીકે રાજ્યની વધતી જતી પ્રતિષ્ઠા અંગે આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે રાજ્યને આ રમતગમત સ્પર્ધાનું આયોજન મળવું એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના દૂરંદેશી નેતૃત્વને દર્શાવે છે.

વિશ્વ પોલીસ અને ફાયર ગેમ્સએ વિશ્વની સૌથી મોટી રમતગમત સ્પર્ધામાંની એક છે, જેમાં 70 થી વધુ દેશોના હજારો પોલીસ અધિકારીઓ, અગ્નિશામકો કર્મચારીઓ ભાગ લે છે. આ સ્પર્ધાનું સફળ આયોજન ગુજરાતને વિશ્વ કક્ષાની રમતગમત સ્પર્ધા માટે એક મુખ્ય સ્થળ તરીકે સ્થાપિત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HOCKEY- MASTERS CUP

મહિલા હોકી ઇન્ડિયા માસ્ટર્સ કપ ટુર્નામેન્ટની ફાઇનલમાં આજે ઓડિશાનો મુકાબલો પંજાબ સામે થશે. ગઈકાલે ચેન્નાઈમાં રમાયેલી પહેલી સેમિફાઇનલમાં હોકી એસોસિએશન ઓફ ઓડિશાએ હોકી યુનિટ ઓફ તમિલનાડુને 4-1થી હરાવ્યું. બીજી સેમિફાઇનલમાં હોકી પંજાબે હોકી હરિયાણાને 3-2થી હરાવ્યું.

ચેન્નાઈના મેયર રાધાકૃષ્ણન હોકી સ્ટેડિયમમાં ફાઇનલ મેચ બપોરે બે વાગ્યે શરૂ થશે. જ્યારે તમિલનાડુ કાંસ્ય ચંદ્રક માટે હરિયાણા સામે ટકરાશે.

પુરુષોના હોકી ઇન્ડિયા માસ્ટર્સ કપની ફાઇનલમાં હોકી યુનિટ ઓફ તમિલનાડુ આજે સાંજે ચાર વાગ્યે ચેન્નાઈમાં હોકી મહારાષ્ટ્ર સામે ટકરાશે.

પ્રથમ સેમિફાઇનલમાં હોકી યુનિટ ઓફ તમિલનાડુએ હોકી ચંદીગઢને 3-0થી હરાવ્યું, જ્યારે બીજી સેમિફાઇનલમાં હોકી મહારાષ્ટ્રે હોકી એસોસિએશન ઓફ ઓડિશાને 4-1થી હરાવ્યું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

આજના તમામ અખબારોમાં sco સમિટના સમાચારોને હેડલાઈનમાં લીધા છે...

દિવ્ય ભાસ્કરનું મુખ્ય શિર્ષક છે ભારતે ચીનમાં જ ચીન-પાકિસ્તાનની સાઠગાંઠ ઉઘાડી પાડી, સંયુક્ત નિવેદન અટકાવ્યું...

સંદેશ અખબારની હેડલાઈન છે. ભારતનો sco નિવેદન પર સહી કરવા નનૈયો....

ફુલછાબ પહેલા પાનાં પર લખે છે આતંક મુદ્દે scoનાં મૌન સામે ભારતનો અસહયોગ...

અમેરિકામાં ભારે બેરોજગારી- ગ્રેજ્યુએટ માટે નોકરી મેળવવી અત્યંત મુશ્કેલ- આ સમાચાર ગુજરાત સમાચારે પહેલા પાનાં પર લીધા છે...

રાજસ્થાન પત્રિકાની હેડલાઈન છે- શુભાંશુ કા અંતરિક્ષ સે નમસ્કાર...

આ સાથે જ તમામ અખબારોમાં સ્થાનિક સમાચારની સાથે રથયાત્રાના પણ સમાચારો જોવા મળી રહ્યા છે..જેવા કે આજે ભગવાન જગન્નાથની 148મી રથયાત્રા- ભક્તોમાં ભારે ઉત્સાહ..... રથયાત્રાના 16 કિલોમીટર લાંબા રૂટ પર 24 હજાર સુરક્ષાકર્મીઓનો બંદોબસ્ત....અષાઢ આરંભે સૌરાષ્ટ્રમાં મેઘરાજા ઓળઘોળ, 6 ઈંચ સુધી વરસાદ... AAPના MLA મકવાણાનું પક્ષના હોદ્દાથી રાજીનામું, કહ્ -પછાતો સાથે અન્યાય થયો...વિમાન દુર્ઘટનામાં ઘવાયેલા બી.જે.મેડિકલના 12 વિદ્યાર્થીની ફી માફ..... ઓઢવમાં ગટરના ખાડામાં ગરકાવ એકનું મોત, બેરિકેડ ન હોવાથી બાઈકચાલકનો કશી ખબર જ ના પડી અને તણાઈ ગયો.... વર્ષ 2030થી કોમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાશે એ નક્કી... જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .